## 1. પ્રત્યક્ષ ચૂંટણી કોને કહેવાય?

- જયારે મતદારો પોતાના પ્રતિનિધિઓને ચૂંટવામાં પ્રત્યક્ષ રીતે ભાગ લે છે ત્યારે તે ચૂંટણી પદ્ધતિને પ્રત્યક્ષ ચૂંટણી કહેવાય છે. દા.ત. ભારતમાં લોકસભાના સભ્યોને મતદારો પ્રત્યક્ષ રીતે ચૂંટે છે.

## 2.પરોક્ષ ચૂંટણી કોને કહેવાય ?

- જયારે મતદારો પોતાના છેવટના પ્રતિનિધિઓને પ્રત્યક્ષ રીતે ચૂંટતા નથી, પરંતુ મતદારમંડળના સભ્યોને ચૂંટે છે અને આ સભ્યો દ્વારા છેવટના હોદ્દેદારો કે પ્રતિનિધિઓને ચૂંટવામાં આવે છે. તેવી ચૂંટણી પ્રક્રિયાને પરોક્ષ ચૂંટણી કહે છે. દા.ત. ભારતમાં રાજયસભાના સભ્યોને રાજયોની વિધાન સભાના સભ્યો ચૂંટે છે. તે જ રીતે આપણા દેશમાં રાષ્ટ્રપતિની ચૂંટણી પણ પરોક્ષ રીતે થાય છે.

## 3. રાજકારણનું અપરાધીકરણ એટલે શું?

- અગાઉનાની ચૂંટણીઓમાં રાજકારણીઓ ગુન્હેગારો તથા અસામાજિક તત્ત્વોનો ઉપયોગ કરતા હતા. પરંતુ, આતો ખુદ આવાં તત્ત્વો જ ચૂંટણીમાં ઝંપલાવે છે અને ચૂંટાઈને આવે પણ છે આજના સમયે મોટી સંખ્યામાં શંકાસ્પદ ચારિત્ર્ય ધરાવતા ઉમેદવાર ચૂંટણી લડે અને ચૂંટાઈને આવે તે ચિંતાજનક બાબત છે. રાજકારણનું અપરાધીકરણ કહેવાય છે.

## 4. ચુંબકીય નેતૃત્વ એટલે શું?

- ચુંબકીય નેતૃત્વ એટલે મતદારોને પોતાની તરફ આકર્ષિત કરી તરફેણમાં મતદારો મતદાન કરાવી શકે તેવી નેતાગીરીને ચુંબકીય નેતાગીરી કહેવાય છે. પ્રભાવશાળી વ્યક્તિત્વ, આકર્ષકવાછટા, પ્રચાર કરવાની આધુનીક પદ્ધતિઓ, અગત્યના મુદાઓ પ્રત્યેની વચનબદ્ધતા મતદારના માનસમાં ચુંબકીય આકર્ષણ નેતૃત્વ ઊભું કરે છે.

## 5. ચૂંટણી દરમિયાન સોશ્યલ મીડિયાની ભૂમિકા જણાવો.

- ચૂંટણી દરમિયાન એસ.એમ.એસ., ઈમેઈલ, ફેસબુક, ટ્વીટર, વોટ્સઅપ જેવા સોશ્યલ મીડિયાનો ઉપયોગ દિનપ્રતિદિન વધતો થાય છે. વિજ્ઞાનના કોઈપણ સાધન રચનાત્મક અને નકારાત્મક ઉપયોગ માટે અસરકારક માધ્યમ છે. સોશ્યલ મીડિયા ચૂંટણીમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ખૂબ જ ઓછા સમયમાં વિવિધ પ્રકારની માહિતી પ્રસારીત કરે છે.
- જનહિતના પ્રશ્નોની અલગ અલગ સ્વરૂપે રજૂઆત કરે છે. સોશિયલ મીડિયાની માહિતી સંપૂર્ણ સાચી જ હોય તેમ જરૂરી નથી. ક્યારેક ખોટી અને વિકૃત માહિતીનો ફેલાવો થાય છે. ક્યારેક પોતાના અંગત હિત કે સ્વાર્થ માટે મૂળ માહિતીને વિકૃત કરી રજૂ કરે છે.
- આમ, ચૂંટણી દરમિયાન પોતાના પક્ષમાં વાતાવરણ તૈયાર કરવા કે હરીફ ઉમેદવાર પક્ષનું વાતાવરણ ડોહળવા સોશ્યલ મિડિયાનો બેફામ ઉપયોગ થાય છે. વર્તમાન સમયમાં ચૂંટણીપંચે આદર્શ આચારસંહિતાના ભાગ રૂપે ચૂંટણીના 48 કલાક અગાઉ ઉમેદવારોના પ્રચાર  પ્રસાર પર પ્રતિબંધ મુકેલો છે. છતાં ચૂંટણીના છેલ્લા સમય સુધી આ મીડિયા ચૂંટણીલક્ષી માહિતીનો ફેલાવો કરે છે. સોશિયલ મિડીયાની ભૂમિકા તેના ઉપયોગ કરનાર પર આધારિત છે.

## 6. ભારતમાં પ્રતિનિધિક લોકશાહીનો સ્વીકાર કરવામાં આવ્યો છે?

- પ્રતિનિધિક લોકશાહી એટલે પરોક્ષ લોકશાહીની પ્રક્રિયા. જેમાં પ્રજા પ્રત્યક્ષ રીતે નહી, પરંતુ પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા વહીવટ ચલાવતા હોય તેવી પ્રક્રિયાને પ્રતિનિધિક લોકશાહી કહે છે. ભારતની વસ્તીની દષ્ટિએ વિશ્વનો બીજા નંબરનો દેશ છે. વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો લોકશાહી દેશ કે જેમાં સૌથી વધારે મતદારો છે. આવા વિશાળ અને વૈવિધ્યસભર ધરાવતા આપણા દેશમાં લોકશાહી શક્ય ન હોવાથી ભારતમાં પ્રતિનિધિક લોકશાહીનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

## 7. આપણા ધારાગૃહોમાં મહીલા પ્રતિનિધિની ટકાવારી કેમ ઓછી છે ?

- ભારતીય રાજકારણમાં પુરુષોની પ્રધાનતા વર્ષોથી જોવા મળે છે. પુરુષ પ્રધાન સમાજને કારણે તેનું અસ્તિત્વ આજદિન સુધી નબળું જોવા મળે છે. લોકસભા અને વિધાનસભાનું ચૂંટણીઓમાં મહિલાઓ કરતા પુરુષોનું પ્રતિનિધિત્વનું વિશેષ પ્રમાણ જોવા મળે છે.
- મહિલાઓની ચૂંટણીઓ સ્વરૂપે લોકશાહીમાં ભાગીદારનું પ્રમાણ ખૂબ જ નહિવત છે. મહિલા સશક્તિકરણની ગુલબાંગો પોકારાય છે પણ જયારે મહિલાઓને પ્રતિનિધિત્વ આપવામાં આવે છે ત્યારે રાજકીય પક્ષો શાહમૃગ નીતિ અપનાવે છે. ચૂંટણીમાં ટિકિટ આપવાની બાબત આવે છે, ત્યારે રાજકીય પક્ષો ખૂબ જ ઓછી મહિલાઓને ટિકિટ આપતા હોય છે.
- અંતિમ લોકસભાની ચૂંટણીમાં 543 બેઠકોમાંથી માત્ર 40 મહિલાઓ પ્રતિનિધિત્વ અપાયુ જે કુલ બેઠકો નામ માત્ર 10 ટકા સુધી જ મહિલાઓ પોતાનું પ્રતિનિધિત્વ ધરાવે છે. ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં પણ માત્ર મહિલાઓને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું. મહિલાઓ માટે 33 % અનામત રાખવાની જોગવાઈ છે. 2015ના ચૂંટણી રિફોર્મમાં 50 % સુધી અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

## 8. સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર એટલે શું ?

- ચૂંટણી લોકશાહીની મૂળધારા છે. ભૂતકાળમાં ભિન્ન ભિન્ન રાજયોમાં મતાધિકાર માટે ભિન્ન ભિન્ન લાયકાતો નિર્ધારિત થઈ હતી. જેમાં શિક્ષણ, મિલકત ધાર્મિક્તા, તાલીમ, જાતીયતા મુખ્ય હતી. આધુનિક સમયમાં આથી વિશેષ યોગ્યતા કે લાયકાત અને બદલે સાર્વત્રિક પુણવય મતાધિકારનો સ્વીકાર થયો છે. મતાધિકારનો ઈતિહાસ સ્પષ્ટ કરે છે કે મતાધિકારની પ્રાપ્તિ માટે લોકોએ અનેક ક્રાંતિઓ કરી અનેક બલિદાનો આપ્યા હશે.
- સાર્વત્રિક : જાતિ, જ્ઞાતિ, ધર્મ, કોમ, ભાષા, લિંગ, જન્મસ્થળ વગેરેનો આધઆર લીધા સિવાય. પુખ્તવય : એટલે જે તે રાજયને મત આપવા માટે નક્કી કરેલી. વયમયાંદા કે ઉપરની વય ધરાવતી વ્યક્તિઓ. મતાધિકાર એટલે મત કે અભિપ્રાય માટેનો રાજકીય અધિકાર.
- જર્મનીએ સૌપ્રથમ સાર્વત્રિક મતાધિકારની જોગવાઈ 1919માં કરી હતી. 20મી સદીમાં પણ કેટલાક રાજયોએ મહિલાઓને મતાધિકારથી વંચિત રાખ્યા હતા. બ્રિટિશ 1920માં અને અમેરિકા 1928માં અને સ્વિઝરલેન્ડે 1971માં સ્ત્રીઓને મતદાન કરવાનો અધિકાર આપ્યો છે. સ્વતંત્ર ભારતના નાગરિકોને મતાધિકાર મેળવવા માટે કોઈ વિશેષ પ્રકારના સંઘર્ષ કે લડત કરવી પડી ન હતી, બંધારણની એક જ કલમથી સૌ નાગરિકોને સાર્વત્રિક

પુખ્તવય મતાધિકાર કોઈપણ જાતના ભેદભાવ સિવાય મતાધિકાર પ્રાપ્ત થયો છે. આ સાર્વત્રિક મતાધિકારએ લોકશાહીને સાચા અર્થમાં લોકાભિમુખ બનાવે છે. ભારતમાં આમ સમાજને પ્રાપ્ત થતો આ અધિકાર એ રાજકીય શક્તિ બક્ષે છે.

- સામાજિક ન્યાયની પ્રાપ્તિમાં દિશામાં લીધેલું એક સૌથી સરળ પગલું છે. જે માત્ર સંસદીય લોકશાહીના કાર્ય સંચાલન ક્ષેતુ માટે અનિવાર્ય છે. ભારતમાં ચૂંટણીઓ રાજકીય પ્રક્રિયાઓનું કેન્દ્રબિંદુ બની છે. ભારતમાં શાંતિપૂર્ણ પરિવર્તન અને લોકોની ઈચ્છાઓ અને લોકોના વિરોધને અભિવ્યક્ત કરવાનું સાધન એક ચૂંટણી છે. ભારતમાં 18 વર્ષે મતાધિકાર પ્રાપ્ત કરવા માટેની ઉંમર નક્કી કરાઈ છે.

### 9. યાદીપ્રથાનો ઉપયોગ જણાવો.

- લોકશાહીમાં મેળવેલા મતો અને બેઠકો વચ્ચેની વિસંગતતા દૂર કરીને ચૂંટણીને પ્રતિનિધિત્વ બનાવવા માટે પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિની ભલામણ કરવામાં આવ્યા છે, પરંતુ આ પદ્ધતિની પણ કેટલીક મર્યાદાઓ હોય છે.
- આ ગેરલાભો અને આ પદ્ધતિમાં રહેલા કેટલાક અનિષ્ટને દૂર કરી શકાય તે દ્રષ્ટિએ 50 ટકા જેટલી બેઠકો યાદી પ્રથા દ્વારા એટલે કે પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિ અનુસાર અને બાકીની 50 ટકા બેઠકો હાલની સૌથી વધારે મત મળે કે જીતે તે રાજકીય પક્ષને આપવાની ભલામણ કરવામાં આવે છે. યાદી પ્રથા પદ્ધતિ જર્મનીમાં છે.

### 10. કાળા નાણું એ કાળા અને ભ્રષ્ટ રાજકારણને જન્મ આપ્યો છે. સમજાવો.

- ચૂંટણીમાં રાજકીય પક્ષો કાળાનાણાં પર આધાર રાખે છે. મોટા પ્રમાણમાં નાણાં આપી શકે તેવા ગેરકાયદેસર નાણાં કમાનારા કાળા બજારીયાઓ, સટ્ટાખોરો, કોન્ટ્રાક્ટર, ઉદ્યોગપતિઓ અને મોટા વ્યાપારીઓ રાજકીય પક્ષો અને ઉમેદવારોને દાન સ્વરૂપે નાણાં આપે છે.
- ચૂંટાઈ આવ્યા પછી આ પક્ષો અને ઉમેદવારો તેના બદલામાં તેઓ જુદી જુદી રીતે લાભ કરી આપતા હોય છે. આમ કાળાનાણાંનું ભ્રચક્ર ચાલ્યા કરે છે. આના માટે કહેવાય છે કે કાળું નાણું કાળા રાજકારણને જન્મ આપે છે. વર્તમાન સમયમાં એવી પરિસ્થિતિ થઈ છે કે સ્વચ્છ પ્રતિભા ધરાવતી વ્યક્તિઓ ચૂંટણીમાં ઊભા રહેવાની હિંમત કરી શકતી નથી. તેથી દેશને સારા પ્રતિનિધિત્વની ખોટ સાલે છે.
- આપણી લોકશાહીની ધુરા કાળાનાણાં ધરાવનાર વ્યક્તિઓની ઈજારાશાહીની ચુંગાલમાં જાય છે. તેથી જ રાજકીય ક્ષેત્રે ચૂંટણીઓમાં કાળા નાણાંનો ઉપયોગ ન થાય તે માટે સરકાર ચૂંટણી કમિશ્નર અને આપણે ખુદ નાગરિકોએ જાગૃત રહેવાની જરૂર છે જેથી રાજકારણ ભ્રષ્ટ ન થાય.

### 11. એક્ઝિટ પોલ કેટલાક એક્ઝિટ છે?

- વર્તમાન સમયમાં વિવિધ દૈનિક સમાચાર પત્રો અને 24 કલાક ચાલતી વિવિધ ટીવી ન્યૂઝ ચેનલમાં ખાસ કરીને એક્ઝિટ પોલ ચૂંટણી બાદના સર્વેક્ષણ હાથ ધરીને, ચૂંટણીમાં કયા પક્ષનો દેખાવ કેવો રહેશે. તેનો અંદાજ કાઢવામાં આવે છે.
- પોતપોતાની રીતે ગણતરીઓ કરીને આવનારી સરકાર કયા પક્ષની હશે કે કયો પક્ષ વિપક્ષમાં બેસશે તે અંગે આગાહીઓ કરે છે. એક્ઝિટ પોલ ચૂંટણી બાદના સર્વેક્ષણ હાથ ધરીને ચૂંટણીમાં કયા પક્ષનો દેખાવ કેવો રહેશે

તેના અંદાજિત બેઠકો. કઈ બેઠકો પર કોન વિજય મેળવશે તેવી આગાહીઓ કરે છે. ચૂંટણીનાં પરિણામોથી આ પ્રકારની માહિતી મતદારોને ગેરમાર્ગે દોરી શકે છે. વધુમાં આ પ્રકારના સંશોધનો કે સર્વેક્ષણની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા અંગે પણ કેટલાક પ્રશ્નો છે. ચૂંટણીના પરિણામો કેટલીક સામ્યતા ધરાવતા હોય છે. પરંતુ હંમેશા તેમ બનતું નથી. દિલ્હીમાં 2015માં જે પરિણામ આવ્યું કે જેમાં "આપ પક્ષને સ્પષ્ટ અને આ પ્રકારની બહુમતી આવશે તે અંગેના દિશાસૂચન કોઈ પણ એક્ઝિટ પોલમાં થયા ન હતાં. તેથી એક્ઝિટ પોલ પણ એક્ઝિટ છે કે નહી તે માટે પ્રશ્ન છે. અત્યારે એવું પણ જોવામાં આવે છે કે કેટલાક મીડિયા એ પોતાના અંગત કારણોસર, સ્વાર્થ, દેશ કે કોઈ રાજકીય દબાણ સર તટસ્થ અભિપ્રાય રજૂ કરવાને બદલે કોઈ એક પક્ષ તરફી માહીતી રજૂ કરે છે.

### 12. ભારતની મોટા ભાગની સરકારી લઘુમતી મતોથી ચૂંટાય છે? કેવી રીતે ?

- ભારતની ચૂંટણી પ્રથાની કેટલીક ઉણપો કે ખામીઓ છે. કેમ કે આ ચૂંટણી પ્રથામાં મેળવેલ મતો અને બેઠકો વચ્ચે વિસંગતિ જોવા મળે છે, બાકી અત્યાર સુધીની ચૂંટણીઓમાં કોઈ પણ પક્ષને એકલે હાથ 50 ટકા મતો મળ્યા નથી, ઘણીવાર રાજકીય પક્ષોનું ગઠબંધનના કુલ મેળવેલા મતોનો સરવાળો પણ 50 ટકા મતોના સરવાળા જેટલા સુધી પહોંચતો નથી.
- 1989, 1996, 1998, 1999 અને 2006ની તમામ ચૂંટણીઓમાં લઘુમતી મતો મેળવીને દેવગોડા, આઈ.કે. ગુજરાત, અટલજી અને ડૉક્ટર મનમોહનસિંઘના નેતૃત્વ હેઠળની સરકારો રચાઈ, છેલ્લા ત્રણ દાયકામાં કોઈપણ પક્ષને બહુમતી નહોતી પણ ગઠબંધન દ્વારા મિશ્ર સરકારો રચાય છે. દા.ત. NDA અને UPA આ બધી સરકારો લઘુમતી મતોથી ચૂંટાઈ આવી હતી. જો કે 2014ની લોકસભામાં ભારતીય જનતા પાર્ટી એકલે હાથે સમગ્ર ભારતની અંદર સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરીને ભારતમાં બહુતી મેળવી હતી.

### 13. ચૂંટણીમાં વપરાતા નાણાં શક્તિનો પ્રભાવ ઘટાડવાના ઉપાયો જણાવો.

- ચૂંટણીમાં વપરાતા નાણાંના દુષપ્રભાવને રોકવા માટે નીચે મુજબનાં સૂચનો વખતોવખત કરાવવામાં આવ્યા છે.

  (1) અર્થતંત્રમાં ભ્રષ્ટ રાજકારણ કાળાનાણાંના સર્જન માટે જવાબદાર છે, તેથી આર્થિક નીતિમાં ફેરફાર કરવા જોઈએ.

  (2) ઉમેદવારોને ચૂંટણી માટે ચૂંટણી ખર્ચની ટોચ મર્યાદાને વાસ્તવિક અને વહેવારુ બનાવી જોઈએ. ચૂંટણી ખર્ચમાં શુભેચ્છકો, સગાવહાલા અને સમર્થકોએ જે પણ ખર્ચ કર્યો હોય તેનો સમાવેશ ઉમેદવારના ખર્ચમાં કરવો જોઈએ.

  (3) રાજકીય પક્ષો કોની પાસેથી નાણાં મેળવે છે? ક્યાં કેવી રીતે ખર્ચે છે તેનું વ્યવસ્થિત હિસાબ રખાય અને તેનું સમયાંતરે ઓડિટીગ થાય એવું જરૂરી છે. રાજકીય પક્ષોના તમામ પ્રકારનાં નાણાંકીય વ્યવહારો પારદર્શી હોવા જોઈએ શક્ય હોય તો ઈન્ટરનેટ પર તેને મુકવા જોઈએ.

  (4) ઉમેદવારો તરફથી થતા સામાન્ય ખર્ચમાં રાજય તરફથી રાજકીય પક્ષોને સ્ટેટફન્ડિગ સ્વરૂપે મદદ મળવી જોઈએ.

(5) ઉમેદવારોને ચૂંટણીમાં વાહનો ખર્ચ, ચૂંટણી સાહિત્ય, મતદારોની યાદીની નકલો વગેરે ચૂંટણીપંચે પોતાના ખર્ચે આપવા જોઈએ. ઉપરોક્ત સૂચનોનો અમલ થાય તો ઉમેદવારો અને રાજકીય પક્ષોની નાણાં માટે અન્ય ગેરકાયદેસર તત્ત્વો પર આધારીત ન રહેતા ચૂંટણીમાં નાણાંનું વિકૃત ચિત્ર ઉપસી રહ્યું છે. તેને અટકાવી શકાય.

## 14. લોકશાહીમાં રાજકીય પક્ષોની પાર્ટીમાં શું આંતરિક લોકશાહી હોય છે ?

- ભારત લોકશાહી દેશ છે દરેક વ્યક્તિને અંગત વિચારો રજુ કરવાનો મૌલિક અધિકાર છે. પક્ષમાં શિસ્તના નામે પોતાના પક્ષની ઉમેદવારોને પક્ષના મેન્ડેડને અનુસરીને જ માત્ર પક્ષની વિચારસરણી પ્રમાણે કામ કરવા સુચનો અપાય છે. જે ઉમેદવારોના ચૂંટાયેલ સભ્યોના વ્યક્તિગત સ્વતંત્રતાને છિનવે છે.
- અંતરાત્માના અવાજ મુજબ મતદાન કરવાની જરૂરિયાત ઉદ્દભવે છે ત્યારે રાજકીય પક્ષો વીપ જારી કરીને દરેક સભ્યને માત્રને માત્ર પાર્ટી લાઈન પ્રમાંક કામ કરવા કે મતદાન કરવાનું આદેશ આપ્યાં છે. તેને કારક આંતરિક લોકશાહી જોખમમાં મુકાય છે.
- ભારતમાં અનેક રાજકીલ પાર્ટીઓમાં પણ એવા વ્યક્તિ હશે કે જેઓએ વિરોધી પાટકે તરફેણમાં મતદાન કર્યા છે અને આને લઈને તેઓ એ બધું બ3 સહન કરવું પડે છે. રાજકીય પક્ષો પોતાના ઉમેદવારોને સખતમાં સખત આદેશો આપ્યા છે અને જો તેમ કરવામાં ન આવે તો હું પાર્ટીમાંથી તેઓને સસ્પેન્ડ કરીને તેમની રાજકીય કારકિર્દી સમાપ્ત કરવામાં માનતા હોય છે અને તેથી જ લોકશાહીના મૂલ્યોમાં વિશ્વાસ ધારતા પક્ષોમાં આંતરીક લોકશાહી છે કે કેમ તે એક પ્રશ્ન છે.

## 15. જ્ઞાતિવાદની સમસ્યા કેવી રીતે ઉકેલી શકાય?

- જ્ઞાતિવાદી સમસ્યાને દૂર કરવા માટેનું એક અત્યંત મહત્ત્વનું અને અસરકારક સાધન શિક્ષણ છે. શિક્ષણ ઉપરાંત આધુનિકરણની પ્રક્રિયા જેમ કે શહેરીકરણ, ઔદ્યોગિકરણ વગેરે દ્વારા પણ જ્ઞાતિવાદની સંકુચિતતામાં અને માનસિક્તામાં પરિવર્તન આવી શકે છે. લોકશાહી સ્થાપના અને તેને જીવનશૈલી તરીકેનો સ્વીકાર એ જ જ્ઞાતિવાદની જડ અને અપરિપક્વ માનસિક્તામાંથી મુક્તિ અપાવી શકે છે.